INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૬-૦૨-૨૦૨૬**

- **આદિવાસી વિસ્તારોમાં વર્ષોથી પાકા રસ્તાઓ, પુલ બનાવવાની માંગણીઓ છતાં ભાજપ સરકાર કામ મંજૂર નથી કરતી: અમિત ચાવડા**
- **પાર-તાપી- નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ મુદ્દે કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્વેત પત્ર બહાર પાડે: અમિત ચાવડા**
- **ભાજપના ભ્રષ્ટાચારી નેતાઓ અને અધિકારીઓને ત્યાં ED,IT,CBI ની રેડ કેમ નથી પડતી? : અમિત ચાવડા**
- **૩ દાયકાના શાસન પછી પણ આદિવાસી વિસ્તારોમાં લોકો ગુણવત્તા યુક્ત શિક્ષણ, આરોગ્ય સુવિધાઓ, રોજગાર, પીવાના પાણી અને સિચાઈ સુવિધાથી વંચિત: અમિત ચાવડા**
- **રોજગાર અધિકારના કાયદાને નબળો પાડવાના અને મહાત્મા ગાંધીજીનું નામ હટાવવાનો કોંગ્રેસ સખત વિરોધ કરે છે, મનરેગા બચાવોની લડાઈ ગામે ગામ લોકોની વચ્ચે લઈ જઈશું: અમિત ચાવડા**
- **ભાજપની કહેવાતી ડબલ એન્જિનની સરકારમાં એક એન્જિન મોંઘવારી વધારવાનું કામ કરી રહ્યું છે જ્યારે બીજું એન્જિન ભ્રષ્ટચાર કરી રહ્યું છે :ડૉ. તુષારભાઈ ચૌધરી**

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ૩જા ફેઝના ૫માં દિવસે દક્ષિણ ગુજરાતના ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ આજે સવારે 9:00 વાગે ઉચ્છલ થી પ્રસ્થાન કરીને, સોનગઢ, વ્યારા, કાનપૂરા, બેડચીત, ડોલવણ, વલવાડા, કરચેલીયા, મહુવા, અને બારડોલી પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં પાંચમાં દિવસે તાપી અને સુરત જિલ્લામાં ઠેર ઠેર ઉમળકાભેર આદિવાસી સંસ્કૃતિના તાલે નૃત્ય કરીને બધાએ દિલના ઉમળકાથી યાત્રાનું સ્વાગત કર્યું હતું અને યાત્રાને સ્થાનિક લોકોએ સમર્થન કર્યું હતું. લોકોએ યાત્રામાં આવીને અનેક પ્રશ્નો રજૂ કર્યા હતા. લોકોએ રજૂઆત કરી તે પ્રમાણે રોજગારી માટે યુવાનો મજૂરી કરવા અન્ય જીલ્લામાં જવા મજબૂર થયા,હોસ્પિટલમાં ડોક્ટર અને સ્ટાફની અછત,શિક્ષણની સુવિધાઓનો અભાવ,નદિમાં પૂર આવવાથી ખેડુતોના પાકને નુકસાન,રસ્તાઓની હાલત ખરાબ હોવાથી શાળા અને હોસ્પિટલ સુધી પહોંચવામાં મુશ્કેલી, વરસાદ આધારિત ખેતી વધારે હોવાથી ઉનાળામાં પાણીની તંગી જેવી સમસ્યાઓની રજૂઆત કરી હતી. જન આક્રોશ યાત્રામાં લોકો સાથે ચર્ચા અને સંવાદ કરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની ખરાબ હાલત, શાળા અને હોસ્પિટલ સુધી પહોંચવામાં પડતી મુશ્કેલી, વરસાદ આધારિત ખેતીમાં ઉનાળામાં પાણીની તંગી અને સિંચાઈ સુવિધાઓના અભાવ, આદિવાસી સમાજ પાસેથી જળ, જંગલ અને જમીન છીનવી લેવાના આક્ષેપ સાથે ભાજપ સરકાર પર પ્રહાર કર્યા હતા.

શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે, રોજગાર અધિકારના કાયદાને નબળો પાડવાના અને મહાત્મા ગાંધીજીનું નામ હટાવવાના પ્રયાસો સામે કોંગ્રેસ સખત વિરોધ નોંધાવે છે. મનરેગા માત્ર યોજના નથી, પરંતુ ગામડાના ગરીબ, મજૂર અને આદિવાસી પરિવારો માટે રોજગાર અને આત્મસન્માનની ગેરંટી છે. ભાજપ સરકાર જાણી જોઈને બજેટમાં કપાત, કામના દિવસોમાં ઘટાડો અને ચુકવણીમાં વિલંબ કરીને આ કાયદાને ખોખલો બનાવી દિધો છે. આમારી સંકલ્પ છે કે મનરેગા બચાવવાની આ લડાઈ હવે રસ્તા પરથી ગામે ગામ, ઘરે ઘર લોકોની વચ્ચે લઈ જઈશું અને રોજગારના અધિકાર પર કોઈપણ હુમલો થવા નહીં દઈએ.

શ્રી અમિતભાઈ ચાવડાએ મીડિયાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે તાપી જિલ્લાના સોનગઢમાં આરોગ્યની સુવિધાનો અભાવ છે, હોસ્પિટલમાં ડોક્ટર નથી, સ્ટાફ નથી. રસ્તાઓની હાલત ખૂબ ખરાબ છે. ભાજપની ભ્રષ્ટનીતિના કારણે લોકો હેરાન થઈ રહ્યા છે. દરેક ગામમાં મનરેગા અને નલ સે જલ યોજનાઓમાં કરોડો રૂપિયાનાના ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભાજપના

નેતાઓએ નલ સે જલ યોજના ને નળ સે ધન યોજના બનાવી દીધી છે જેથી ગુજરાતમાં એક એક ઘેર જઈ લોકોનો અવાજ બુલંદ કરી 2027માં પરિવર્તન લાવીશું.

તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની હાલત ખરાબ હોવાના કારણે શાળા અને હોસ્પિટલ સુધી પહોંચવામાં લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઘણા ગામોમાં રસ્તાઓ કાચા, તૂટેલા તથા ખાડા વાળા છે. ખાસ કરીને વરસાદી ઋતુમાં અવર જવર લગભગ અશક્ય બની જાય છે. પરિણામે બાળકો નિયમિત રીતે શાળાએ હાજર રહી શકતા નથી અને તેમના શિક્ષણ પર નકારાત્મક અસર પડે છે તેમજ બીમારી કે ઈમરજન્સી સમયે દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવી મુશ્કેલ બને છે, જેના કારણે આરોગ્ય સંબંધિત જોખમો વધે છે. આ પ્રકારની માર્ગ સુવિધાની અછત ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસમાં મોટી અડચણરૂપ બની રહે છે. દક્ષિણ ગુજરાતના ખાસ તાપી જીલ્લામાં વરસાદ આધારિત ખેતી વધુ હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની ઋતુમાં પાણીની ગંભીર તંગી સર્જાય છે અને સિંચાઈ સુવિધાઓ અપૂરતી હોવાથી ખેડૂતો શિયાળું પાક લઈ શકતા નથી, વરસાદ ઓછો પડે ત્યારે ખેતીને મોટું નુકસાન થાય છે અને ખેડૂતોની આવક પર સીધી અસર પડે છે. ઉનાળામાં નદીઓ, તળાવો અને કૂવામાં પાણી સુકાઈ જવાથી ખેતી માટે પૂરતું પાણી મળતું નથી, જેના કારણે પાકો બળી જાય છે અથવા ઉત્પાદન ઓછું ઉતરે છે. યોગ્ય સિંચાઈ વ્યવસ્થાઓના અભાવે ખેડૂતો સંપૂર્ણ રીતે વરસાદ પર નિર્ભર રહેવા મજબૂર બને છે, જે કૃષિ વિકાસ અને ગ્રામ્ય અર્થતંત્ર માટે મોટી સમસ્યા બની રહે છે.

શ્રી અમિત ચાવડાએ આગામી ચુંટણીને અનુલક્ષીને આત્મ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ઘરે ઘરે જઈને કોંગ્રેસ પક્ષ લોકોનો અવાજ બુલંદ કરી ૨૦૨૭માં પરિવર્તન લાવવાનો સંકલ્પ કર્યો છે.રાજ્યની જનતા મોંઘવારી, ભ્રષ્ટાચાર,બેરોજગારી, શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત સમસ્યાઓથી પરેશાન છે અને હવે બદલાવ ઈચ્છે છે. લોકો સાથે સીધો સંવાદ સાધીને તેમની વેદના અને અપેક્ષાઓને સમજી,જનતાનો અવાજને મજબૂત કરવામાં આવશે. દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજની સમસ્યાઓ મુદ્દે તેમણે જણાવ્યું હતું કે આદિવાસી સમાજ પાસેથી જળ, જંગલ અને જમીન છીનવવાનો ભાજપ સરકાર પ્રયાસ કરી રહી છે, વિકાસના નામે મોટા ઉદ્યોગો, પ્રોજેક્ટ્સ માટે આદિવાસીઓની પરંપરાગત જમીન અને જંગલ પર કબજો કરવામાં આવે છે, જેના કારણે તેમના પરંપરાગત જીવન પર સીધી અસર પડે છે. વન અધિકાર કાયદા અને બંધારણીય સુરક્ષાઓનો યોગ્ય અમલ ન થવાથી આદિવાસી સમાજ પોતાના મૂળભૂત હકોમાંથી વંચિત થતો જાય છે. જળ, જંગલ અને જમીનથી વિમુખ થવાથી તેમની રોજગારી, સંસ્કૃતિ અને અસ્તિત્વ પર જોખમમાં મુકાઈ રહ્યું છે.

ED, IT અને CBI જેવી તપાસ એજન્સીઓનો હેતુ ભ્રષ્ટાચાર સામે નિષ્પક્ષ અને નિર્ભય કાર્યવાહી કરવાનો છે, પરંતુ ભાજપના રાજમાં સરકારના દબાણ હેઠળ કામ કરી રહી છે. સત્તામાં બેઠેલા લોકો સામે કોઈ તપાસ થતી નથી.જ્યારે વિરોધ પક્ષ સામે ખોટી રીતે કાર્યવાહી થાય છે. આ પરિસ્થિતિથી એ સ્પષ્ટ થાય છે કે એજન્સીઓનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે થઈ રહ્યો છે.

દિવસે દિવસે વધતી મોંઘવારીને ટાંકીને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ સરકાર પર આક્ષેપ કર્યા હતા કે ભાજપની કહેવાતી ડબલ એન્જિનની સરકારમાં એક એન્જિન મોંઘવારી વધારવાનું કામ કરી રહ્યું છે જ્યારે બીજું એન્જિન ભ્રષ્ટચાર કરી રહ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા હોવાથી સામાન્ય માણસનું જીવન મુશ્કેલ બન્યું છે, તો બીજી તરફ વિકાસ યોજનાઓમાં ભ્રષ્ટાચારના કારણે જનતા ભાજપના શાસનથી ત્રસ્ત છે. પરિણામે ડબલ એન્જિનના નામે સુશાસન આપવાનો ભાજપના દાવાઓ ખોખલા સાબિત થઈ રહ્યા છે અને જનતા પર આર્થિક તથા નૈતિક બોજ વધતો જઈ રહ્યો છે.

આજે યાત્રાના ૫માં દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ પ્રભારી શ્રી બી વી શ્રીનીવસ જી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી તુષારભાઈ ચૌધરી, ગુજરાત યુવક કોંગ્રેસના અધ્યક્ષ પ્રવીણ વણોલ, ગુજરાત આદિવાસી વિભાગના પ્રમુખ રાજેન્દ્ર પારઘી, પૂર્વ ધારાસભ્ય શ્રી પુનાજી ગામીત, શ્રી સુનિલભાઈ ગામીત, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી વૈભવ ગામીત, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા શ્રી સિધાર્થ ચૌધરી સહિત જીલ્લા/તાલુકાના પદાધિકારી અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

હેમાંગ મહીપતરામ રાવલ
મીડિયા કોર્ડિનેટર અને પ્રવક્તા, 9898233038